# સુરત મહાનગરપાલિકા
## બ્રીજસેલ
## શોર્ટ ટમ નોટીસ

**વિષય :– સુરત શહેર વિસ્તારમાં આવેલ વિવિધ બ્રીજોના પોટહોલ્સ રીપેર કરવા બીટયુમીન બેઝડ મટીરીયલ સપ્લાય તથા રીપેરીંગ સહિત તેમજ કોક્રીટ વેરીંગ કોટ માટે Lanko Rapidex મટીરીયલ્સની મદદથી રીપેરીંગ કરવાનું કામ.**

સુરત શહેર વિસ્તારમાં આવેલ વિવિધ બ્રીજોના પોટહોલ્સ રીપેર કરવા બીટયુમીન બેઝડ મટીરીયલ સપ્લાય તથા Lanko Rapidex મટીરીયલ્સની મદદથી રીપેરીંગ સહિતની કામગીરી માટે આ પ્રકારના કામના જાણકાર અને અનુભવી ઈજારદાર, રસ ધરાવતા હોય તો તેઓએ આ જાહેરાત પ્રસિઘ્ધ થયેથી તા.૨૦/૦૯/૨૦૨૧, સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં નીચે સહી કરનાર અધિકારીને લેખિત ભાવપત્રક રજુ કરશો. મુદત વિત્યા બાદ કોઈપણ ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહી.

સુરત શહેર વિસ્તારમાં આવેલ વિવિધ બ્રીજોના પોટહોલ્સ રીપેર કરવા બીટયુમીન બેઝડ મટીરીયલ સપ્લાય તથા Lanko Rapidex મટીરીયલ્સની મદદથી રીપેરીંગ સહિતની કામગીરીના કામે લેખિત ભાવપત્રક સાથે બાનાની રકમ માટે "કમિશ્નર" સુરત મહાનગરપાલિકાના નામનો સુરત સ્થિત રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકનો ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર સાથે રજુ કરશો. બાનાની રકમ વગરનું ભાવપત્રક રદ થવાને પાત્ર છે. આ કામની માહિતી શરતો તેમજ કોરા ભાવપત્રક ડોકયુમેન્ટ, બ્રીજસેલ વિભાગ, રૂમ નં.૧૧૮, જુની એનેક્ષી, ત્રીજો માળ, સુરત મહાનગરપાલિકા,સુરત ખાતેથી નીચે મુજબની કવોટેશન ફી રોકડેથી ભરપાઈ કરી મેળવવાના રહેશે.

**નોંધ :–**

અંદાજીત રકમ :– રૂા.૧૨,૫૦,૦૦૦/–

બાનાની રકમ :–રૂા.૧૩,૦૦૦/–

સમયમર્યાદા :–૧૨ માસ

ટેન્ડર / કવોટેશન ફી :– રૂા.૯૦૦/– વત્તા પ્રવર્તમાન જી.એસ.ટી.

| અ.નં. | કામની વિગત | માલ સામગ્રીનો જથ્થો | ભાવપ્રતિ (GST તેમજ તમામ ટેક્ષ સહીત) રૂા....પૈ. | કુલ રકમ રૂા....પૈ |
|---|---|---|---|---|
| 1 | Supplying and conveying Bitumen based pre- Mix/Ready Mix Material for Pothole Repair work as per IRC 116-2014 or equivalent. | 20,000 kg. | | |
| 2 | Repairing of Potholes on RCC/Bitumen wearing coat. Breaking of loose concrete or loose bituminous upto the mother Slab. Use Bitumen based pre- Mix/Ready Mix Material as per IRC 116-2014 or equivalent material with required compaction for filling of potholes. | 5.0 Cum | | |
| 3 | Breaking of bituminous carpeting / RCC Wearing coat up to mother slab with breaker machine &remove loose & laitance material from the surface with wire brush. Clean the surface with blower &make it dust and stain free. apply bond coat on mother slab as well as edges of existing slab with latex power, providing & laying Lanko Rapidex minimum strength 35 N/mm2 @1 days or equivalent as instructed by Executive Engineer including form work and barricading required as per site condition. | 5.0 Cum | | |

## શરતો

(૧) સદરહુ કામગીરી, આનુસાંગિક કામગીરીઓ માટે વધારાની કોઈ રકમ ચૂકવવામાં આવશે નહી અને આ સાથે સામેલ કરેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) ઉપરોકત ભાવપત્રક મંજુર થયેથી, વર્કઓર્ડરમાં જણાવેલ તારીખથી કામગીરી શરૂ કરી ૧૨(માસ) માં પુરી કરવાની રહેશે. આ કામ નિયત સમયમર્યાદામાં પુર્ણ થાય તે અંગે ખાસ તકેદારી રાખવાની રહેશે. જેથી તે મુજબની કામની પ્રગતિ અચુક રાખવા નોંધ લેશો.

(૩) ઈજારદારે પોતાને કરવાની કામગીરીની સંપુર્ણ જાણકારી સ્થળ નિરીક્ષણ કરી મેળવી લેવાની રહેશે.

(૪) આ પત્ર મળ્યેથી કામ શરૂ કરવા માટે કામની લાઈન/માર્ગદર્શન સલાહ– સુચન મેળવવા અત્રેના ખાતાના સંબંધિત ડે.ઈજનેર/આસી. ઈજનેરનો સંપર્ક સાધવા નોંધ લેશો.

(૫) કોઈપણ ઓફર/ભાવ સ્વીકારવા કે રદ કરવા માટે કોઈપણ કારણ આપવામાં આવશે નહી.

(૬) અસફળ કામગીરી સામે ઈજારો ટર્મીનેટ કરવાનો અધિકાર મહાનગરપાલિકા પાસે અબાધિત રહેશે. અને ઈજારદારે બાનાની રકમ તરીકે ભરેલ રકમ પરત ન કરતાં જપ્ત કરવામાં આવશે.

(૭) કામગીરી દરમ્યાન ટ્રાફીકને અવરોધ ન થાય તે રીતે કામગીરી કરવાની રહેશે. તદઉપરાંત જરૂરીયાત જણાયે ડે.ઈજનેરશ્રી સાથે પરામર્શ કર્યા બાદ, કામગીરી દરમ્યાન બ્રીજને વાહનવ્યવહાર સારૂ બંધ કરવા માટે પુરતી મજબૂતાઈનું જરૂરિયાત અનુસારનું બેરીકેડીંગ સ્વખર્ચે કરી સલામતીના તમામ પગલાઓ લેવાના રહેશે.

(૮) કામગીરી દરમ્યાન બ્રીજનાં હયાત બાંધકામને નુકશાન કે તુટફુટ ન થાય તે રીતે કામગીરી કરવાની રહેશે તેમ છતાં આકસ્મિક રીતે હયાત બાંધકામને નુકશાન થશે તો તેવા સંજોગોમાં ઈજારદારે સ્વખર્ચે તમામ રીપેરીંગ કરવાનું રહેશે. જેનું સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈપણ ચુકવણું કરવાનું રહેશે નહી.

(૯) કામગીરી દરમ્યાન બ્રીજ પર કે બ્રીજ નીચે ચાલતા વાહન વ્યવહારને નુકશાન / અકસ્માત ન થાય તે બાબતની પુરતી તકેદારી રાખી સલામતીનાં તમામ પગલા લેવાનાં રહેશે.

(૧૦) ઈજારદારના કામદાર/કર્મચારીઓને કોઈ અકસ્માત થાય કે ઈજા થાય તેની સંપુર્ણ જવાબદારી ઈજારદારની રહેશે અને તમામ સલામતીના પગલાં લેવાના રહેશે.

(૧૧) લાઈટ તથા પાણીની વ્યવસ્થા ઈજારદારે સ્વખર્ચે કરવાની રહેશે.

(૧૨) સદર કામ શરૂ કરતી વખતે સ્થળ ઉપર કામ કરતા કામદારો/મજૂરોમાં બાળમજૂરો કામે રાખવા નહીં. જો સદર કામમાં બાળ મજૂરો કામે રાખશો તો તે અંગેની ઉપસ્થિત પરિસ્થિતિની તમામ જવાબદારી એકમાત્ર ઈજારદારની રહેશે. તેમ છતાં બાળ મજૂરો રાખવામાં આવશે તો રૂા.૨૦,૦૦૦/– વસૂલ લઈ ચાઈલ્ડ રીહેબીલીટીટેશન–કમ–વેલ્ફેર ફંડ ખાતે કલેકટરશ્રીને જમા કરાવવામાં આવશે. જેની સ્પષ્ટ નોંધ લેશો.

(૧૩) ઈજારદારશ્રીએ સરકારશ્રીના પ્રવર્તમાન કાયદા તથા નિયમોને ચુસ્ત પણે અનુસરવાનું રહેશે.

(૧૪) કોન્ટ્રાકટર મુજબ (નિયમ અને નાબુદી) અધિનિયમ – ૧૯૭૦ :–
પ્રવર્તમાન કાયદા હેઠળ લેબર લાયસન્સ લેવું જરૂરી હોય તો તે અંગે અત્રેની કચેરીના સેકશન ઓફિસરશ્રીને રૂબરૂ મળી લાયસન્સ મેળવી લેવા માર્ગદર્શન મેળવી અને તે અંગે જરૂરી લાયસન્સ મેળવી તમોને સુપ્રત કરેલ કામગીરી ચાલુ કરવી, તેમ છતાં તે મેળવ્યા સિવાય જો આ કામગીરી ચાલુ કરવામાં આવશે, તો તે સામે ઉભા થનાર સંભવિત સર્વાંગી જવાબદારી તમારા શીરે રહેશે. જેની પણ આથી સ્પષ્ટ નોંધ લેશો.

(૧૫) ઈજારદારે તેઓના તાબા હેઠળનાં કર્મચારીઓના પી.એફ. સરકારશ્રીનાં નિતી– નિયમોનુસાર જમા કરાવવાના રહેશે.

SD/-
કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા

ન.સ.ર. :–

કાર્યપાલક ઈજનેરશ્રી, તમામ ઝોન પ્રતિ....જાણ તથા નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા બાબત.

ન.ર.:–

(૧) ટેન્ડર કલાર્ક, બ્રીજસેલ પ્રતિ.....જાણ તથા નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા બાબત.

(૨) એકઝીકયુટીવ આસીસ્ટન્ટશ્રી, આઈ.એસ.ડી.પ્રતિ..... સુ.મ.પા.ની વેબસાઈટ પર પ્રેસ સેકશનમાં પ્રસિધ્ધ કરવા અર્થે

(૩) મુખ્ય હિસાબનીશશ્રી પ્રતિ....જાણ તથા ધટીત કાર્યવાહી માટે